Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મ સં. ૮૨ (ચાલુ) વીર સં. ૨૫૦૩
વિક્રમ સં. ૨૦૩૩ અષાડ

# શ્રી આત્માનંદ પ્રકાશ

વાર્ષિક લવાજમ રૂા. ૭

હૃદય પાછળ રહેલું એક આવરણ, મનની ઉપર રહેલું એક ઢાંકણુ આપણને ભગવાનથી છુટા પાડી દે છે. પ્રેમ અને ભક્તિ એ આવરણને ચીરી આપે છે. મનની પ્રશાંતિમાં એ ઢાંકણુ પાતળું થતું જાય છે અને લોપ પામી જાય છે.

—શ્રી અરવિંદ

× × ×

એ સમજજો કે આશીર્વાદ તે સારામાં સારા આધ્યાત્મિક પરિણામ માટે છે, અને તે માણસની ઈચ્છાઓ પ્રમાણે જ હોવા જોઈએ એમ નથી.

કશી જ દયા રાખ્યા વિના તમારી જાતનું અવલોકન કરો, અને એ જોતાં જાઓ કે જે વસ્તુઓ તમને બીજાઓમાં આટલી બધી હાસ્યાસ્પદ લાગે છે તે બધી તમે તમારી અંદર પણ રાખેલી છે.

તમારે તમારા દિલમાં શુભેચ્છા અને પ્રેમને સતત્ ધારણ કરી રાખવા જોઈએ અને સૌના ઉપર તેમને શાંતિપૂર્વક અને સમતાપૂર્વક વરસાવવા જોઈએ.

—શ્રી માતાજી

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

પુસ્તક : ૭૪ ] જુલાઈ : ૧૯૭૭ [ અંક : ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# : અનુક્રમણિકા :


| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| તપનું તેજ | | ૨૧૯ |
| સર્વે ઇચ્છાઓ-તૃષ્ણાઓ દુઃખ આપનારી છે. | પ્રો. શ્રી ખીમચંદ ચાંપશી શાહ | ૨૨૦ |
| પત્ર સૌરભ | શ્રી 'સુશીલ' | ૨૨૨ |
| જીવનનો ઉદ્દેશ | પૂ. પં. શ્રી પૂર્ણાનંદવિજયજી | ૨૨૫ |
| અધ્યાત્મજ્ઞાનગંગાના ઓવારેથી.... | શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી | ૨૨૯ |
| સમાચાર | ટા. પે. | ૩ |


## સ્વર્ગવાસ નોંધ

પાટણ નિવાસી (હાલ મુંબઇ) શેઠશ્રી મગનલાલભાઇ જેઠાભાઈ તા. ૧૦-૬-૭૭ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસી થયેલ છે, તેની નોંધ લેતાં અમો ઘણા જ દીલગીર થયા છીએ. તેઓશ્રી મળતાવડા સ્વભાવના તેમજ ખુબ ધાર્મિક લાગણીવાળા હતા, તેઓશ્રી આ સભાના પેટ્રન હતા, તેઓ ઘણી સંસ્થાઓના ટ્રસ્ટી હતા. તેઓશ્રીને શ્રદ્ધાંજલી અર્પવા તા. ૧૯-૬-૭૭ના રોજ સવારે કોટ શ્રી શાન્તિનાથ જૈન દેરાસરના ઉપાશ્રય હોલમાં પાંચ-છ સંસ્થાના ઉપક્રમે શોકસભા મળી હતી; સદ્ગતના ગુણાનુવાદ સાથે શ્રદ્ધાંજલિ અર્પણ થઈ હતી.

પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના કરીએ છીએ.

## આવતો અંક પર્યુષણ અંક

અમારો હવે પછીનો આત્માનંદ પ્રકાશનો અંક તા. ૧૬-૮-૭૭ના રોજ બહાર પડશે નહીં અને હવે પછીનો આવતો અંક પર્યુષણ પર્વ તરીકેનો ખાસ અંક તા ૧૬-૯-૭૭ના રોજ બહાર પડશે; તો સૌ લેખક ભાઈઓને વિનંતિ કે તેમના લેખો તા. ૨૦-૮-૭૭ સુધીમાં મોકલી આપે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ સભાના નવા માનવંતા પેટ્રન

# શ્રી રમણલાલ મંગલદાસ શાહ

### જીવનની ટૂંકી રૂપરેખા



શ્રી રમણલાલ મંગલદાસ શાહનો જન્મ ગુજરાત રાજ્યના ખેડા જીલ્લામાં બોરસદ તાલુકાના ગંભીરા નામના નાના પણ સંસ્કારી ગામમાં તા. ૧૨-૧-૧૯૨૬ના રોજ થયો હતો તેમનો ઉછેર તેમના પિતામહ શા. માણેકલાલ કેશવજી તથા દાદીમા શ્રીમતી પરસનબેનના સાનિધ્યમાં થયેલો. કુટુંબની વ્યવહારશીલતા તથા ધર્મપરાયણતાના સંસ્કાર તેમને મૂળથી જ મળેલા. ગામમાં પંદરથી વીસ જૈનોના ઘર અને તેમાં નાનું પણ સુંદર શ્રી આદીનાથ પ્રભુનું દહેરાસર તથા ઉપાશ્રય છે. દહેરાસરની પ્રતિષ્ઠાને સને ૧૯૭૧માં સો વર્ષ પુરાં થયે પરમપૂજ્ય આગમ પ્રભાકર મુનિરાજશ્રી પૂણ્યવિજયજી મહારાજ સાહેબની નિશ્રામાં થોડાં વર્ષો પહેલાં જ ગામમાં શતાબ્દિ મહોત્સવ ઘણી ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો, જેમાં શ્રી રમણલાલ તથા તેમના કુટુંબે યથાશક્તિ સારી રીતે લાભ લીધો હતો.

પિતાશ્રી શા. મંગલદાસ માણેકલાલ તથા માતુશ્રી જેકોરબેનને સંતાનમાં સૌથી મોટા એક જ પુત્ર રમણલાલ તથા બે પુત્રીઓ લલીતાબેન અને કંચનબેન. ગામ સાધુ મુનિરાજોના વિહારના રસ્તા ઉપર આવેલું હોઈ કુટુંબને ઘણા પ્રભાવિક આચાર્ય ભગવંતો, સાધુમુનિ મહારાજો તથા સાધ્વીજી મહારાજોના આગમન સમયે તેમની વૈયાવચ્ચ, ધર્મશ્રવણ વગેરે લાભો મળતા, અને તે સાથે તેમનામાં ધર્મના સંસ્કારોનું સિંચન થતું રહ્યું. પિતાશ્રીનો વ્યવસાય ગામડાની ઉપજનો વહેપાર, પણ તેમાં અતિશય પ્રમાણિકપણું અને સત્યનિષ્ઠા મુખ્ય. નાના ગામમાં તથા આજુબાજુમાં પણ તેમના જીવનની મીઠાશ દરેક સાથેના વ્યવહારમાં અલગ પડતી. માતપિતાને ધર્મ પ્રત્યે અનન્ય પ્રેમ એટલે મૂળથી જ વૈરાગ્યભાવ જે દિનપ્રતિદિન વૃદ્ધિ પામતો ગયો અને મોટાં મોટાં વ્રતોને અંગીકાર કરવામાં પ્રગટ થતો રહ્યો, જે પાછળથી પોતાની સૌથી નાની દીકરી કંચનબેનની દીક્ષામાં પરિણમ્યો.

રમણલાલનું પ્રાથમિક શિક્ષણ ગામની જ શાળામાં થયું અને માધ્યમિક શિક્ષણ વડોદરામાં રહી લીધું. મેટ્રીકની પરીક્ષા સને ૧૯૩૩માં ઉચ્ચ ગુણો મેળવી યુનિવર્સિટીમાં પ્રથમ સો વિદ્યાર્થીઓમાં આવી પાસ કરી જેથી તેમને કોલેજના ઉચ્ચ અભ્યાસમાં સ્કોલરશીપ મળી અને જે કુટુંબની મુશ્કેલ, આર્થિક સ્થિતિમાં પણ કોલેજનો અભ્યાસ ચાલુ રાખવામાં પ્રેરણા અને મદદરૂપ બની. પિતામહની ઉત્કૃષ્ટ ઇચ્છા અને માતપિતાની મુશ્કેલી વેઠીને પણ રમણલાલને કોલેજનો ઉચ્ચ અભ્યાસ કરાવવાની અભિલાષાથી અનેક મુશ્કેલી વેઠીને પણ તે પુરો થયો અને તેમણે સને ૧૯૩૭માં વડોદરા કોલેજમાંથી મુંબઇ યુનિવર્સિટીના સાયન્સમાં ગ્રેજ્યુએટ B. Sc.ની ડીગ્રી મેળવી. કુટુંબની પ્રાણાલિકા અને રૂઢીગત રીવાજને લીધે રમણલાલનો લગ્ન સંબંધ વડોદરા પાસે મેંધાકુઇ ગામે પોતાની જ જ્ઞાતિના શ્રી ભાયચંદભાઈ ગુલાબચંદ શાહની પુત્રી કમળાબેન સાથે તેમના માધ્યમિક અભ્યાસકાળ દરમિયાન જ સને ૧૯૩૧માં થયો હતો. આ લગ્ને રમણલાલના અભ્યાસી જીવનમાં કંઇ જ અડચણ પાડી નહિ અને તે પછીના માધ્યમિક શાળાના તેમજ કોલેજના ઉચ્ચ અભ્યાસમાં તેમને તેમનાં પત્નિ તરફથી ઘણો જ સહકાર અને પ્રોત્સાહન મળ્યાં. તેમના પત્નિ કમળાબેને પણ તે દરમિયાન જૈનધર્મના સૂત્રોનો અભ્યાસ, પ્રભુ-સેવા, સાધુ-સંતોની સુશ્રુષા વગેરે જૈન ધર્મના આચારોનું વ્યવહારિક જ્ઞાન મેળવી લીધું અને થોડા જ વખતમાં ધાર્મિક વ્રતો વગેરે કરવામાં રસ લેતા થયાં. તે બાદ તેમણે હાલ સુધીમાં અઠ્ઠાઈ, વર્ષિતપ, આયંબીલની ઓળીઓ, નિત્ય પ્રભુ-સેવા, સામાયિક, અને પ્રતિક્રમણ વગેરે જીવનમાં અમલમાં મૂકી ધર્મકરણીમાં ઓતપ્રોત થએલાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સૌથી નાના બહેન કંચનબહેનને ધાર્મિક સંસ્કારનો વારસો વિશેષપણે મળ્યો અને તેમણે ખરતરગચ્છીય પરમ વિદુષી સાધ્વી શ્રી વલ્લભશ્રીજી મ. પાસે સોળ વર્ષની વયે ચારિત્ર અંગીકાર કર્યું. તેઓશ્રીના અતિ પૂજ્યભાવથી દરેક પ્રસંગોમાં તેઓશ્રીના અંતઃકરણના આશિર્વાદ મેળવી રમણભાઇ જીવનમાં આગળ વધ્યા.

સને ૧૯૩૭માં ગ્રેજ્યુએટ થયા બાદ કુટુંબની પરિસ્થિતિ પ્રમાણે રમણલાલે શરૂઆતમાં જ શિક્ષક તરીકે નોકરી સ્વીકારી અને સને ૧૯૪૪ સુધી વિજ્ઞાન અને ગણિતના વિષયમાં સુરત જીલ્લાના અમલસાડની માધ્યમિક શાળામાં શિક્ષક તરીકે કાર્ય કર્યું. આ દરમિયાન તેઓએ શિક્ષણશાસ્ત્રના મુંબઈ યુનિવર્સિટીના ગ્રેજ્યુએટ B.T.ની પરીક્ષા પાસ કરી અને હાઈસ્કૂલમાં પ્રિન્સિપાલપદે પહોંચવાની લાયકાત મેળવી. પણ હિન્દ છોડોની ચળવળમાં હાઇસ્કૂલો બંધ રહી તે દરમિયાન શિક્ષણક્ષેત્ર છોડી તેઓ મુંબઇ આવ્યા અને થોડો સમય શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન બોર્ડીંગના સુપ્રીન્ટેન્ડન્ટ તરીકે જોડાયા. મુંબઇના આગમન પછી તેઓએ સ્નેહીઓની મદદથી મેસર્સ હોમી મહેતા એન્ડ સન્સના વહીવટ નીચે ચાલતી બે કાપડની મીલોમાં સેલીંગ એજન્ટો સાથે સંબંધ બંધાયો અને સને ૧૯૪૭માં તેઓ તેમની બે કાપડની મીલોમાં વહીવટી વિભાગમાં નિયુક્ત થયા. મૂળથી શિક્ષણ શાસ્ત્રની લાઈનમાં અનુભવ મેળવેલ હોવાથી આ બધી લાઇનમાં શરૂઆતમાં સ્થિર થતાં કેટલીક મુશ્કેલી પડી પણ તેમની સતત મહેનત નવી મીલોની લાઈનમાં દરેક વિભાગના વહીવટનો અનુભવ મેળવવાની તેમની જીજ્ઞાસા અને અભિગમથી શેઠીઆઓના વિશ્વાસપાત્ર બની તેઓ એક પછી એક ઊંચા હોદ્દાઓ માટે બઢતી મેળવતા ગયા. મીલોના વહીવટી વિભાગમાં ઓફીસરના હોદ્દાની રૂએ તેમને મીલ તરફથી મુંબઇ યુનિવર્સિટીના મેનેજમેન્ટના કોર્સના અભ્યાસ માટે તેમને પસંદ કરવામાં આવ્યા. અને તેમણે પોતાના દૈનિક કાર્ય સાથે સાથે ત્રણ વર્ષ સુધી અભ્યાસ કરી સને ૧૯૬૫માં મેનેજમેન્ટની ડીગ્રી D. B. M.ની પરીક્ષા પાસ કરી. હાલ તે જ ગ્રુપની ધી નવસારી કોટન એન્ડ સીલ્ક મીલમાં ચીફ સેલ્સ એકઝીક્યુટીવના હોદ્દે રહી મીલની સેવા બજાવી રહ્યા છે.

પિતાશ્રી મંગલદાસભાઇનો આત્મા શરૂઆતથી ધર્માભિમુખ હોઇ સંસારમાં રહ્યા છતાં અનેક વ્રતો દ્વારા સાધુ જેવું જીવન ગાળતા હતા. સંસાર ત્યાગની તેમની તીવ્ર ઇચ્છાને વશ થઈ રમણલાલે પોતે જ પિતાશ્રીને તેમના ધ્યેયમાં સહાયભુત થઈ બધી અનુકુળતા કરી આપી અને સને ૧૯૫૦માં આખા કુટુંબનો સાથ મેળવી તેઓના વૃદ્ધ માતુશ્રીની હયાતીમાં જ પરમ પૂજ્ય આગમ પ્રભાકર મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ પાસે દિક્ષા અપાવી. અને તેઓ પૂ. શ્રી જયનિન્દ્રવિજયજી મહારાજના નામે તેમના શિષ્ય થયા. ત્રેવીસ વર્ષનો વિશુદ્ધ ચારિત્રધર્મ પાળી તેઓ મુંબઈના મલાડના ઉપાશ્રયે સને ૧૯૭૩માં કાળધર્મ પામ્યા. માતુશ્રી જેકોરબેન પણ અનેક તપશ્ચર્યાઓ અને ધર્મકરણી કરી સને ૧૯૭૧માં પરમાત્માનું નામ શ્રવણ કરતાં કાળધર્મ પામ્યાં. પોતાના માતપિતાને તથા બેનને ધર્મારાધનમાં સહાયભુત થઈ રમણલાલે પણ ધર્મ પ્રત્યેની શ્રદ્ધા વધારી, ધર્મના તત્ત્વોનો ઠીક ઠીક પરિચય મેળવ્યો. ધાર્મિક ગ્રંથોના વાંચનમાં તેમને ઘણો જ રસ છે અને તેમના પિતાશ્રીની પ્રેરણાથી તેમણે ઠીક ઠીક સંખ્યામાં જૈન ધાર્મિક પુસ્તકોનું વાંચન કર્યું છે.

મુંબઈનો વસવાટ શરૂઆતથી તેમણે કાંદીવલીમાં રહી કર્યો, ત્યાંના હાલના સંઘની સ્થાપનામાં તેમણે મહત્ત્વનો ફાળો આપ્યો અને તેના સેક્રેટરી તરીકે સેવા આપી. તે બાદ તેઓ ગોરેગાંવ જવાહરનગરમાં રહેવા ગયા અને થોડા સમયમાં ત્યાંના જવાહરનગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના મેનેજીંગ ટ્રસ્ટી તરીકે નીમાયા; જે પદે રહી આજ સુધી તેઓ પોતાના તન, મન, ધનથી સંઘને યથાશક્તિ સેવા આપી રહ્યા છે. તેઓના દૈનિક ક્રમમાં નિત્ય પ્રભુસેવા, પ્રાર્થના અને નવકારમંત્રના જાપ વગેરે ધાર્મિક ક્રિયા તેમણે અપનાવેલ છે અને જીવનનો ઉપયોગ ધાર્મિક તથા શિક્ષણક્ષેત્રે વધુ ને વધુ પ્રમાણમાં થાય તેમ મહેચ્છા ધરાવે છે. પોતાના હાલ સુધીના જીવનકાળ દરમિયાન જરૂરી પ્રસંગોએ ધર્મકાર્યો તથા સમાજોન્નતિના કાર્યોમાં તેઓએ યથાશક્તિ દાન કર્યું છે, અને વધુ રકમ દાનમાં વપરાય તેવી ભાવના સેવી રહ્યા છે.

આવા ધર્મશ્રદ્ધાળ પેટન મળતાં સભા ગૌરવ અનભવે છે અને તેઓશ્રીનં દીર્ઘાય ઇચ્છે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

• તંત્રી : **શ્રી** ગુલાબચંદ લલ્લુભાઈ શાહ •

વર્ષ : ૭૪ | વિ. સં. ૨૦૩૩ અષાડ : ૧૯૭૭ જુલાઈ | અંક : ૯


## તપનું તેજ

બાહ્ય તપ આભ્યંતર તપની પુષ્ટિ આપે છે. તેના સાધનની નિરાકુલતા કરી આપે છે. તેથી તે કર્તવ્ય છેજ. પરંતુ ક્રિયા જડપણે નહીં; પણ સમજણ પૂર્વક-જ્ઞાન પૂર્વક કરવામાં આવે તોજ કલ્યાણકારી થાય છે.

अज्ञानी तपसा जन्म कोटिभिः कर्मयन्नयेत् ।
अन्तं ज्ञान तपोयुक्तस्तत् क्षणेनैव संहरेत् ॥


( શ્રી અધ્યાત્મસાર )

અજ્ઞાની ક્રોડો વર્ષ તપ કરતાં પણ જે કર્મ ક્ષીણ કરી શકતો નથી તે જ્ઞાની એક શ્વાસોચ્છવાસ માત્રમાં ક્ષીણ કરે છે.

કષ્ટ કરો સંયમ ધરો, ગાળો નિજ દેહ;
જ્ઞાન દશા વિણુ જીવને, નહીં દુઃખનો છેહ.

જેમ જેમ જ્ઞાનપૂર્વક તપનું અંતસ્તેજ વધતું જાય છે તેમ તેમ આત્મા રવિની જેમ પ્રતાપી તેજથી ઝળહળતો જાય છે. જેમ અગ્નિમાં તપાવવાથી સોનાનો મેલ ગળાઈ જઈ તે ચોકખું થતું જાય છે તેમ જ્ઞાન પૂર્વકના તપથી આત્માનો અંદરનો મેલ ગળાઈ જઈ આત્મા નિર્મળ બને છે.





( યોગદૃષ્ટિ સમુચ્ચય )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# सव्वे कामा दुहावहा।
# સર્વે તૃષ્ણાઓ–ઈચ્છાઓ[1] દુઃખ આપનારી છે.

લેખક : ખીમચંદ ચાંપશી શાહ

આ સંસારમાં દુઃખ છે. અરે! આ સંસાર સર્વત્ર દુઃખથી ભરેલો છે. એક કવિએ કહ્યું છે તેમ—

"છે માનવી જીવનની ઘટમાળ એવી, સુખસ્વરૂપ ને દુઃખ થકી ભરેલી"

હવે પ્રશ્ન એ ઊઠે છે કે આ સાર્વત્રિક દુઃખનું મૂળ કારણ શું છે? અને આ કારણ કેવી રીતે દૂર કરાય કે જેથી આત્યંતિક સુખનો આનંદ માણી શકાય?

ઉત્તરાધ્યયનના અધ્યયન ૧૩માં કાંપિલ્યપુરના ચક્રવર્તી રાજા બ્રહ્મદત્ત અને અણગાર મુનિ ચિત્રનો સંવાદ આપેલો છે. ભોગવિલાસમાં રચ્યોપચ્યો રહેતો અને તેમાં આનંદપ્રમોદ માનતો રાજા મુનિને કહે છે કે "હે ભિક્ષુ! નૃત્યો કરતી, ગીતો ગાતી અને વાજિંત્રો વગાડતી સ્ત્રીઓથી વિંટળાઇને આ ભોગો તું ભોગવ, મને એજ ગમે છે. પ્રવ્રજ્યા તો દુઃખરૂપ છે." પ્રત્યુત્તરમાં મુનિ રાજાને કહે છે કે "હે રાજા! સર્વગીત એ વિલાપ છે, સર્વ નૃત્ય એ વિડંબના છે, અને સર્વે આભૂષણો એ ભાર છે." અને પછી એક અમૂલ્ય રત્ન જેવું સુવાક્ય કહે છે કે "સર્વે તૃષ્ણાઓ-ઇચ્છાઓ-કામનાઓ દુઃખ આપનારી છે."[2] આથી સમજાય છે કે આપણા સર્વ દુઃખોનું મૂળ આપણા મનમાં રહેલી કામ-તૃષ્ણાવૃત્તિ જ છે. આપણા મનમાં ક્ષણે ક્ષણે નવી નવી તૃષ્ણાઓ-ઇચ્છાઓ ઉત્પન્ન થાય છે. તેમને સંતોષવા આપણે પ્રયત્નો કરવા પડે છે, જે દુઃખદાયક છે. વળી એમ પણ કહ્યું છે કે તૃષ્ણાઓ-વાસનાઓ શલ્ય જેવી છે, ઝેર જેવી છે, ભયંકર નાગ સમાન છે"[3]

ભગવદ્ ગીતામાં કામનું એક બીજું લક્ષણ દર્શાવાયું છે, જે અંતે તો દુઃખદાયક નીવડે છે. અર્જુનના એક પ્રશ્નના ઉત્તરમાં ભ. શ્રીકૃષ્ણ કહે છે કે આપણી પાસે આપણી ઈચ્છા વિરુદ્ધ પરાણે પાપકર્મો કરાવનાર પણ કામ જ છે. ઇન્દ્રિયો, મન અને બુદ્ધિમાં તે નિવાસ કરે છે, અને તેમની સહાયથી આપણા જ્ઞાનને આવરીને આપણને મોહમાં ફસાવે છે."[4] આથી આપણે પાપકર્મો કરવા પ્રેરાઈએ છીએ.

ભ. બુદ્ધ કામનાં એટલે કે તૃષ્ણાનાં આ બંને લક્ષણોનો નિર્દેશ કરે છે. તેમણે ઉપદેશેલાં ચાર આર્યસત્યોમાંથી બીજું આ પ્રમાણે છે: સર્વ દુઃખનો ઉદય તૃષ્ણામાંથી થાય છે વળી તૃષ્ણાથી મનુષ્ય અનેક પાપકર્મો આચરે છે, અને દુઃખભાગી થાય છે. આથી તૃષ્ણાઓને દુઃખનું મૂળ સમજવું જોઈએ."

---

૧. કામ શબ્દ તૃષ્ણા, ઈચ્છા, કામના, વાસના વગેરે અર્થમાં અહીં વપરાયેલો છે. તેનો એક અર્થ "સ્ત્રીપુરૂષના જાતીય સંબંધની ઇચ્છા" એવો પણ થાય છે, જે અહીં વિવક્ષિત નથી.

૨. ઉત્તરા. સૂત્ર અધ્ય. ૧૩ ગાથા ૧૪,૧૬.

૩. ઉત્તરા. સૂત્ર અધ્ય. ૯, ગાથા ૫૩.

૪. ભગવદ્ ગીતા, અધ્યાય ૩, શ્લો. ૩૬,૩૭,૪૦,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ વિચારણાથી આપણને ખાત્રી થાય છે કે આપણે દુઃખોનો જે અનુભવ કરીએ છીએ, તેનુ મૂળ કારણ આપણા મનમાં રહેલી કામ-તૃષ્ણાની વૃત્તિ જ છે. હવે જો આપણે દુઃખથી છુટકારો મેળવવો હોય, તો તૃષ્ણાનો સદંતર નાશ કરવો જોઈએ.

આ તૃષ્ણાવૃત્તિ અત્યંત પ્રબળ છે. આ સંબંધમાં યયાતિ રાજાએ સત્ય જ કહ્યું છે કે– " તૃષ્ણાઓને સંતોષવાથી તે શમતી નથી, પણ ઇંધન નાંખેલા અગ્નિની જેમ તે વધતી જાય છે. આ પૃથ્વી ઉપર જે કંઇ ધાન્ય, સુવર્ણ, સ્ત્રીઓ, પશુઓ વગેરે છે તે સર્વે એકઠાં મળીને પણ એક માણસની તૃષ્ણાને સંતોષ આપવા પૂરતાં નથી,"[1] આમ આ તૃષ્ણા મર્યાદારહિત છે. તે आगासममा अणन्तिया આકાશ જેવી અનંત પણ છે.

તૃષ્ણાની સાથે મોહ સંકળાયેલો છે. આ બેનો સંબધ વૃક્ષ અને બીજનાં જેવો છે. જેમ વૃક્ષમાંથી બીજ પેદા થાય છે, અને બીજમાંથી વૃક્ષ ઉત્પન્ન થાય છે; તેમ મોહમાંથી– એટલે કે વસ્તુ પ્રત્યેની તીવ્ર આસક્તિમાંથી–તૃષ્ણા એટલે કે વસ્તુને પ્રાપ્ત કરવાની તીવ્ર ઇચ્છા જાગે છે, અને તૃષ્ણામાંથી મોહ ઉત્પન્ન થાય છે. વળી એક બીજી પણ વૃત્તિ તૃષ્ણા સાથે સંકળાયેલી છે, અને તે છે લોભ. લોભ એટલે પ્રાપ્ત કરેલી વસ્તુને સંઘરી રાખવાની વૃત્તિ.

મોહ–તૃષ્ણા–લોભ એ ત્રિપુટીની વિરુદ્ધની વૃત્તિ તે સંતોષ. જે વૃત્તિમાં કોઈ પણ વસ્તુ પ્રત્યે આસક્તિ નથી, કોઇ પણ વસ્તુ પ્રાપ્ત કરવાની ઈચ્છા નથી, અને કોઈ પણ વસ્તુને સંઘરવાની ભાવના નથી, તેને સંતોષવૃત્તિ કહે છે સંતોષ એ અપરિગ્રહની સાથે સંકળાયેલ છે. જેમ જેમ સંતોષ વધતો જાય છે, તેમ તેમ પરિગ્રહ ઓછો થતો જાય છે. સંપૂર્ણ સંતોષી પુરુષ તદ્દન અપરિગ્રહી–સાવ અકિંચન હોય છે.

એક સામ્રાજ્યના શહેનશાહ માંદા પડ્યા. દાક્તરો, વૈદો, હકીમો વગેરેએ ઉપચારો કરવામાં કાંઇ કમીના ન રાખી, પણ રોગે મચક આપી નહીં. એવામાં એક સંત આવી ચડ્યા. તેમણે કહ્યું કે શહેનશાહને કોઈ સંતોષી પુરુષનું કપડું પહેરાવો, એટલે રોગ મટી જશે. પછી તો અધિકારીઓ અને નોકરો સર્વે સંતોષી પુરુષની શોધમાં નીકળી પડ્યા. જેને જેને પૂછે, તેને કાંઇક તો અસંતોષ હોય જ. ઘણા પ્રયત્નોના અંતે દૂર જંગલમાં એક વૃક્ષની છાયામાં સૂતેલો સંતોષી પુરુષ જડ્યો, પણ કમનસીબી એટલી જ કે તેની પાસે વસ્ત્રનો એક ટૂકડો પણ ન હતો. તે તદ્દન અકિંચન હતો.

ઉત્તરાધ્યયન સૂત્ર (અ૦ ૩૨, ગાથા ૮)માં કહ્યું છે કે " જે અકિંચન–સંપૂર્ણ સંતોષી છે, તેનો લોભ નાશ પામ્યો છે; જેને લોભ નથી, તેની તૃષ્ણા નાશ પામી છે; જેને તૃષ્ણા નથી, તેનો મોહ નાશ પામ્યો છે; અને જેને મોહ નથી, તેનું દુઃખ નાશ પામ્યું છે."

કઠ ઉપનિષદમાં એમ કહ્યું છે કે " જેણે હૃદયમાંથી સર્વ તૃષ્ણાઓને ત્યજી દીધી છે, તે મૃત્યુશીલ માનવી અમરતાને પ્રાપ્ત કરે છે."[2]

આ વિચારણાને અંતે એટલું તો ચોક્કસ થાય છે કે આપણામાં રહેલી કામ–તૃષ્ણાવૃત્તિ જ આપણાં સર્વ દુઃખોનું મૂળ છે, અને આપણે જેટલા પ્રમાણમાં વૃત્તિને કાબૂમાં રાખીને પરિગ્રહને ઓછો કરતા જઇશું અને સંતોષવૃત્તિને કેળવતા જઇશું, તેટલા પ્રમાણમાં દુઃખનો નાશ અને સુખનો અનુભવ થતો જશે દુઃખનો નાશ કરવાનો અને સુખનો આનંદ માણવાનો આ એક જ છે **રાજમાર્ગ.**

---

૧. મહાભારત, આદિપર્વ યયાતિ આખ્યાન.

૨. કઠ ઉપનિષદ, અ૦ ૨ વલ્લી ૩.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પત્ર સૌરભ



## (૧)
## દિલનું ઔદાર્ય એ જ સંપત્તિ

નાના ગામડાની અમારી ઘટમાળ એવી જ નાની હોય. પણ ઘટનાઓ નજીવી હોય તેથી કરીને એ રોજીંદા જીવનની પાછળ ધબકતાં હૈયાં ઓછાં પ્રેમાળ કે ઊણાં હશે એમ ન કહેવાય.

રોજ અમારી શેરી વાળવા આવતી બાઇ એક દિવસે માંદી પડી. શેરી તો વળાવી જ જોઇએ, એટલે બાઇને બદલે એનો ધણી આવ્યો. મારી બાની નજર-બહાર એ વાત ન ગઈ.

"આજ મથુરી કેમ નથી આવી?" મારી બાએ મથુરીના ધણીને પૂછયું.

"કાલનો તાવ આવ્યો છે. હજી ઉતર્યો નથી." તાવ ને બીમારી રોજનો સામાન્ય પ્રસંગ હોય એવી નફીકરાઇ એ જવાબમાં હતી.

"તો તું એમ કર. હું તને થોડી સુંઠ, ગંઠોડા, મરી વાટેલાં આપું. તું ઘેર જઇને એનો ઉકાળો કરીને પાઈ દેજે. હમણાં તાવના વાયરા છે તે આ ઉકાળાથી ઘણાને ઠીક થઈ જાય છે." એમ કહીને મારી બા ઘરમાંથી ઉકાળાની ચીજોનું એક નાનું પડીકું લઈ આવી. હરિજનવાસમાં તુળશીના કયારા તો હોય જ, એમાંથી તુળશીના બે-ચાર પાન ઉમેરવાની પણ ભલામણ કરી.

પાછળથી મારી બાને વિચાર આવ્યો: રખેને આ મથુરીનો ધણી આળસ કરશે, અથવા બીજે કામે વળગી જશે તો બાઈ બિચારી તાવમાં હેરાન થઇ જશે.

એટલે થોડી વાર રહીને એ તૈયાર કરેલો ઉકાળો લઇ આવી અને પેલા મથુરીના ધણીને, ઘેર જઇને તરત જ એ પાઇ દેવાનો આગ્રહ કર્યો.

પણ મારી બાને એટલેથી થોડો જ સંતોષ થાય? દર્દીને પથ્ય આહાર, પોષણ મળવાં જ જોઇએ. બપોરે આવીને થોડાં દાળ-ભાત લઇ જવાની મથુરીના ધણીને સૂચના આપી રાખી અને વખતસર આવીને એ લઈ પણ ગયો.

ગામમાં બધા બીમારો બાના હાથની એવી સારવાર પામતા એમ તો હું ન કહી શકું. પણ એટલું જાણું છું કોઈ માંદું પડયું હોય, કોઇને આશ્વાસનની જરૂર હોય અને અમારા થોડા પણ સંબંધમાં હોય તો મારી બા એને યથાશક્તિ મદદ કર્યા વિના ન રહે. દુઃખી અને દર્દી માત્રની એ માતા હતી એમ કહું તો ચાલે.

મથુરીએ જ એક વાર મને જોઇને કહેલું; "ભાઇ, તમારી બા તો જગદંબાનો અવતાર છે. એની તોલે આ ગામમાં કોઇ ન આવે."

અમે પૈસાદાર નહોતા, તેમ છેક ગરીબ પણ નહોતા. અમારે ત્યાં ઢોરઢાંખર હતાં અને સારી ખેતીવાડી પણ હતી. એટલે રોકડ પૈસાની નહિ, પણ અન્ન, પાણી, છાસ વિગેરે અમારે ત્યાં પુષ્કળ હતાં અને મારી બા પણ એનો છૂટે હાથે ઉપયોગ કરી શકતી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મારી બાના એવા અગણિત ઉદ્દાર વહેવારો, જે મેં નાનપણમાં જ જોયા છે તે ઉપરથી મારા મનમાં શિલાલેખ જેવી એક છાપ ઉઠી છે.

"પૈસાદારને ત્યાં જન્મ્યો હોય તેથી કોઇ શ્રીમંત નથી થઇ જતો. ધંધા–રોજગારમાં સારો પૈસો કમાયો હોય તેથી પણ તે ધનવાન નથી બની જતો; જેનું મન મોટું છે, ભાણામાંના અરધા રોટલામાંથી પણ બટકું રોટલો જે બીજાને આપી શકે છે; પોતે થોડી અગવડ વેઠીને, સામાના મોં ઉપર સંતોષ અને સુખની લાગણીઓ લહેરાવી શકે છે તે જ સાચો ધનવાન છે."

હૃદયની દીનતા જેવું દારિદ્રય આ દુનિયામાં બીજું એકે નથી. ઋદ્ધિ સમૃદ્ધિ ભલે ચાલી જાય, પણ જો હૃદયનું ઔદાર્ય ગયું તો સર્વસ્વ ગયું. ભારતવર્ષ આજે કંગાળ છે–અન્ન વસ્ત્રની ચિંતાથી આકુળવ્યાકુળ છે, પણ માતાઓ અને બહેનોમાં જે ઔદાર્ય આપણે છલકાતું કવચિત્ જોઈએ છીએ તે જ આપણી સાચી–સ્થાયી સંપત્તિ છે.

× × ×

## (૨)
## જોજે, બેટા, મનને પાપની રજ ન વળગે

સવારમાં અમે ઘરનાં બધા માણસો નાઇ લેતાં. નિયમ એવો હતો કે હું નહાવા જઉં ત્યારે અંગ ઉપર પાણી હું પોતે ઢોળું, પણ મારું અંગ લૂછવાનો અધિકાર મારી બાનો. હું નાઈ રહ્યો એટલે બૂમ મારવા માંડ્યો; "બા! બા! ઝટ આવ! લૂછી નાખ! ટાઢ વાય છે!"

ટુવાલ કે રૂમાલ અમારે ત્યાં નહોતા. પુરુષો ધોતીયાનો એક છેડો નીચોવી તેનાથી આખું અંગ લૂછી નાખે, બૈરાઓ સાડીના પાલવનો ઉપયોગ કરે. મારી બાએ પોતાની સાડીના છેડાથી મારા દેહ ઉપરનું પાણી લૂછી નાખ્યું કહે; "જા, હવે."

મારા પગનાં તળીયાં તો હજી ભીનાં જ હતાં, એ કોરી જમીન ઉપર મૂકું તો ધૂળવાળાં થાય. મેં કહ્યું: "બા પગ કયાં મૂકું? પગ મેલા થશે તો?"

"મેલા થાય તો પછી ધોઈ નાખજે! હમણા તો જા, નીકળ!" મારી બા વધારે કડાકૂટમાંથી છૂટવા મથતી દેખાઈ.

"નહિ, બા, તારો છેડો પાથર, એની ઉપર પગ મૂકીને બહાર નીકળી જઉં." મને નવી યુક્તિ સૂઝી. મારી બાનું પહેરવાનું વસ્ત્ર બગડે એની મને પરવા નહોતી.

બાએ થોડી રકઝક તો કરી. પણ આખરે માતાનું હૈયું પુત્રના આગ્રહ પાસે હાર્યું. બાએ પોતાની સાડીનો એક તરફનો છેડો અર્ધભીની ધરતી ઉપર બીછાવ્યો. હું એની ઉપર પગ મૂકીને ઓરડાની બહાર નીકળી ગયો.

હું એ વાત છેક ભૂલી ગયો હતો પણ મારી બા જ્યારે પૂજા કરવા બેઠી ત્યારે તે મને કહેવા લાગી:

"બેટા, પગના તળિયાંને રજ ન અડે એટલા સારુ આટલી બધી ચીવટ રાખે છે તો મનને પાપની રજ ન વળગે, મન મેલું ન થાય તે માટે આપણે કેટલી ચીવટ રાખવી જોઈએ? આ દેવપૂજા, ધર્મની વિધિ, આ ક્રિયા એ બધું મનના મેલ ધોવા માટે છે."

સાદી ભાષામાં અને વધુ સાદી ઢબમાં ઉચ્ચારાયેલા એ અર્થપૂર્ણ શબ્દો હજી પણ મારા કાનમાં ગુંજે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શરીરને અને વસ્ત્રને સ્વચ્છ રાખવા આપણે અનેક ઉપાય યોજીએ છીએ. આપણાં પગરખાં ને આપણી આસપાસની બીજી વસ્તુઓ મેલી–ગંદી ન થાય તે માટે કાળજી રાખીએ છીએ. પણ મનમાં અનીતિ કે અધર્મનો સંચાર સરખો પણ ન થાય તે માટે આપણે કોઈ દિવસ ચિંતા કરી છે? એવો કોઈ દોષ થતાં જ પશ્ચાત્તાપનાં આંસુથી એ ધોઈ નાંખવાનો દૃઢ સંકલ્પ કર્યો છે?

સ્થૂળ ગંદકી જોઈને આપણે નાકનું ટેરવું ચડાવીએ છીએ, પણ મનને અપવિત્ર બનેલું જોયા પછી આપણે કદિ રડ્યા છીએ? એવો દોષ ફરીવાર નહિ થાય એવી મનમાં પાકી ગાંઠ વાળી છે?

જ્યારે જ્યારે શરીરની, ઘરની, વસ્ત્રની સ્વચ્છતાનો ખ્યાલ મારી સામે ખડો થાય છે ત્યારે ત્યારે મને નાનપણમાં મારી બાએ કહેલી વાત યાદ આવે છે. હું મનમાં ને મનમાં પ્રભુને પ્રાર્થું છું: "ભગવન્! મારા મનને નિષ્પાપ કરજે!"

મન જો નિષ્પાપ, નિર્મળ બન્યું તો બીજી અશુદ્ધિની મને ચિંતા નથી. જેનું મન પવિત્ર છે તેને આખું વિશ્વ દેવમંદિર સમું પવિત્ર અને આહ્‌લાદક લાગે છે. મનની પવિત્રતાના અગ્નિ પાસે સ્થૂલ મેલના પુંજ સ્વતઃ બળીને રાખ થઈ જાય છે.

('હું અને મારી બા'
પ્ર. વિનુભાઈ ગુલાબચંદ શાહ ઉધ્ધૃત)

*With best compliments from :*

# Steelcast Bhavnagar Private Ltd.

Manufacturers of :
STEEL & ALLOY STEEL CASTINGS

Ruvapari Road,
BHAVNAGAR 364 001
(Gujarat)

Gram : STEELCAST
Telex : 0162-207
Phone : 5225 (4 Lines)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવનનો ઉદ્દેશ



અનુ૦ પં. પૂર્ણાનંદનવિજયજી મહારાજ (કુમારશ્રમણ)

જે કાર્યમાં તમે પ્રવૃત્તિ કરી રહ્યા છો તેમાં જ લાગ્યા રહો. તમારી બુદ્ધિનો માર્ગ ક્યારે પણ છોડશો નહીં. પ્રકૃતિ તમને જે બનાવવા ચાહે છે તે જ બનો. જરૂર વિજય મળશે. પ્રકૃતિ તમને ડોક્ટર બનાવવા ચાહે છે તો તમે ડોક્ટર જ બનો. એનાથી વિરૂદ્ધ જો કાર્ય કરશો તો અસફળતા મળશે.

(સીડની સ્મિથ)

સંસારનું સંચાલન કરવા માટે હું બંધાયેલો નથી, પરંતુ ઇશ્વરે જે કામ મને સોંપ્યું છે તે કામને પૂરી શક્તિ લગાવીને પણ પૂર્ણ કરવા માટે હું બંધાયેલો છું.

(જીન એંજીલો)

દરેક વ્યક્તિ કંઈને કંઈ કામ લઈને જ સંસારમાં અવતરે છે. જે કાર્યમાં તમારી રૂચિ છે તે જ કાર્ય તમારા માટે સાચું છે. તમારા ભાગ્યનો અધિકાર તમારા આચરણ ઉપર રહેલો છે. અગર તમને ઉચિત સ્થાન મળી ગયું છે, તો તમે તમારી માનસિક અને શારીરિક તમામ શક્તિનો વ્યય કરીને પણ તે સ્થાનને સફળ બનાવો, તમને જરૂર સફળતા મળશે. શું કારણ છે? કે દુકાન ખોલનારા બે માણસોમાંથી એક સફળ બને છે અને બીજો ધન ખોઈ નાખે છે. માનવું પડશે કે જે માણસ સફળ બન્યો છે તેની તમામ શક્તિ દુકાનના કાર્યમાં લાગી ગઈ હતી, અને વિફળ રહેવાવાળાની અધુરી. અર્થાત્ સચી ભાવના, સાચી પ્રવૃત્તિ અને પોતાની યોગ્યતાથી જ એકને સફળતા મળી જ્યારે બીજો તેનાથી વિરૂદ્ધ હતો એટલે નિષ્ફળ રહ્યો. જ્યાં સુધી બને ત્યાં સુધી એવા કાર્યની શરૂઆત કરવી જોઈએ કે જેમાં તમારો અનુભવ પુષ્કળ હોય અને મનની વૃત્તિઓ સારા પ્રમાણમાં સહાયતા આપે. તેમ કરવાથી કેવળ આનંદ જ મળશે એમ નહીં, કિન્તુ તે કાર્યમાં યોગ્યતા અને બુદ્ધિ પણ લાગશે

જે બાજુ રૂચિ હોય તે જ બાજુ આગળ વધવું જોઈએ. તમારી મહત્ત્વાકાંક્ષાઓથી વિરૂદ્ધ તમે અધિક સમય સુધી યુદ્ધ નથી કરી શકવાના. માતા, પિતા, મિત્રગણ અથવા પોતાનું દુર્ભાગ્ય ભલે તમારા હૃદયની લાલસાને રૂચિથી વિરૂદ્ધ કાર્ય કરવામાં અથવા દબાવી દેવાને પ્રયત્ન કરે, પરંતુ જ્વાલામુખીની સમાન અંદરની આગ એક દિવસે ભડકી ઉઠશે. જે કાર્યમાં તમારી રૂચિ નથી તે કાર્ય તમે પૂર્ણ કરી શકવાનાં પણ નથી. પ્રકૃતિ અધૂરા અને બેહુદા કામોને જોઈને શ્રાપ આપે છે અને તેનું ફળ કાર્ય કરવાવાળાને ભોગવવું પડે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ક્રેંકલીન કહે છે કે ' જેની પાસે વ્યવસાય છે તેની પાસે એક રિયાસત છે. જેની પાસે ધંધો છે તેની પાસે સન્માન અને લાભનું સ્થાન છે. "

પોતાના પગ ઉપર ઉભો રહેનારો માણસ બીજાને ઘુંટણ ટેકવવાવાળા કરતાં ઉંચો છે. આ કથન સત્યપૂર્ણ છે.

પોતાની હીનાવસ્થામાં નોકરી માટે પ્રાણ દેવા વાળા કરતાં નાનો મોટો વ્યવસાય કરવા વાળો વધારે સારો છે. કેમકે વ્યવસાય સફળતા માટેનું સુંદર ક્ષેત્ર છે અંતઃકરણની પ્રવૃત્તિ અને ઈચ્છા યદિ તે વ્યવસાયમાં મળી જાય તો જીવન સુખી થયા વિના ન રહે.

કોઈ પણ માણસને આકર્ષિત કરવામાં બીજી વાતોની અપેક્ષા વ્યવસાય વધારે ઉપયોગી છે. ( અર્થાત્ કોરી વાતોથી આકર્ષણ નથી થતું, પરંતુ કાર્ય કરીને બતાવવું એ જ આકર્ષણ છે.) વ્યવસાય કરવાથી શરીર મજબુત થાય છે, લોહી તેજીથી ગમન કરે છે, મગજ શાંત રહે છે, ન્યાય બુદ્ધિ શુદ્ધ થાય છે, આવિષ્કાર પ્રતિભા જાગી ઉઠે છે, અને મનુષ્યત્વનું સાચું જ્ઞાન થાય છે. મનુષ્યોચિત વ્યવસાય નહિ કરવા વાળો કદિ પણ સમજી શકતો નથી કે હું મનુષ્ય છું. વ્યવસાય વગરનો માણસ માણસ નથી. કામ કરવું મનુષ્ય જીવનનો ઉદ્દેશ છે. ખૂબ યાદ રાખવાનું કે શરીરનું વજન, હાડકા, માંસ વગેરેનો સમુદાય મનુષ્ય નથી, પરંતુ મનુષ્યોચિત કાર્ય કરનાર મનુષ્ય છે.

કેટલાકો કહે છે કે યદિ કામ નહિ કરવું પડે તો જીન્દગી આરામથી પૂરી થશે, પણ એ વાત સાચી નથી. બેકાર પડ્યાં રહેવાથી કેટલાંક દિવસ ભલે સારા લાગે કિન્તુ હંમેશાને માટે નિષ્કાર્મણ્ય જીવન આનંદને માટે થઈ શકે તેમ નથી. પડ્યા રહેવાથી તમારૂં મન તો ચુપચાપ રહેશે નહીં, તે ભલા અને બુરા વિચારો કરશે જ. મનમાં કંઈ ને કંઈ શૈતાની ચક્ર ચાલ્યા જ કરશે. મનનું ચક્ર એવું છે કે જે ચાલ્યા જ કરે છે, યદિ તેનામાં અનાજ નાખશો તો તેનો લોટ કરી દેશે અને કંઈ પણ નહિ નાંખો તો પોતાને જ પીસી નાખશે. આવી અવસ્થામાં શેઠ-ગરીબ નાના મોટા સૌના જીવનની એક જ નિશ્ચિત ધારા છે, પ્રકૃતિનો એક જ નિયમ છે કે કામ કરવું. જીવન સંગ્રામમાં વિજય પ્રાપ્ત કરવા માટે સૌથી પ્રથમ વિધિ એ જ છે કે ' કંઇને કંઈ કામ કરવું. ' યદિ આપણે મોઢું ફુલાવીને બેસી રહેશું તો આકાશમાંથી ખાવાનું આપણા મોઢામાં ટપકવાનું નથી. આજે અહિં કાલે ત્યાં આમ કરવાથી તો તેને બન્ને બાજુથી હાથ ધોવાનો સમય આવી જશે. સાધારણ અવસ્થામાં યદિ મનુષ્ય વિવેકવાન્ અને બુદ્ધિશાળી છે તો તે અવશ્ય સફળતા પ્રાપ્ત કરશે. કેટલીક વ્યક્તિઓ મોટો હોદ્દો અથવા મોટી નોકરીની તલાશમાં બેઠા રહે છે. નાના સ્થાનથી તેઓ આગળ વધવાનું નથી જાણતા. તેવાઓને ઉપદેશ આપતો લેખક કહે છે કે ભાઈ ! તમે જે સ્થાને હો ત્યાંથી આગળ વધતાં શીખો. જે કામને તમે હાથમાં લીધું છે તેને નવાઢંગથી કરવા માંડો. તેમાં એવી નિપુણતા બતાવો કે જે કોઈએ ન બતાવી હોય. તે જ કાર્યમાં લાગેલા તમારા બીજા સાથીઓ કરતાં તમે વધારે સ્ફૂર્તિવાન, સાહસપૂર્ણ, અને નમ્ર બનો. તમારા કાર્યનું ખૂબ અધ્યયન કરો. તેને પૂર્ણ કરવામાં નવા નવા રસ્તા કાઢો. કામ કરવાની કળાનો ઉદ્દેશ્ય કેવળ સંતોષ દેવામાં નથી, પોતાના સ્થાનની પૂર્તિ માટે પણ નથી. પરંતુ આશાતીત કામ કરીને પોતાના માલિકને પોતાની બાજુમાં આકર્ષણ કરવામાં છે, અને તેનું પરિણામ સુંદર આવ્યા વિના નથી રહેવાનું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કેટલાક યુવક મહાશય કહે છે કે અમને અમુક કામ નહિ મળે તો ઘરે જ બેસી રહીશું, આ તે કંઇ બુદ્ધિમત્તા છે! ઘરે બેસી સમય નષ્ટ કરવામાં શો લાભ! સમજી લેજો કે સમય પૈસો નથી પરંતુ સ્વયં જીવન છે. શીઘ્રતિશિઘ્ર જે કામ મળી જાય તેને ગ્રહણ કરી લેવુ જોઇએ. 'આ કામ માટે મારી યોગ્યતા નથી' એમ કહી ઘેર બેસવું-જાણી જોઇને પતનના માર્ગે જવા સરખું છે. તમારી યોગ્યતા વિનાના કામમાં પણ તમે તમારૂં મનુષ્યત્વ પૂરૂં લગાડી દો. અવશ્યમેવ તે તુચ્છ કાર્ય પણ મહત્ત્વશાળી બની જશે. એક ભણેલો માણસ જો સુતારના કામમાં લાગી જાય તો તે ધંધામાં જીવન આવી જશે અને નવી નવી કલ્પનાથી નવી નવી ચીજો બનાવવા મંડશે.

કારલાઇલ મહાશય કહે છે: "તે માણસ ભાગ્યશાળી છે કે જેમને કામ મળી ગયું છે. બીજા સુખને માટે હવે તેને ઇચ્છા ન કરવી જોઇએ. જે કામ મળ્યું છે તેને કરતો રહે. કામની પસંદગી કરતી વખતે પોતાના હૃદયને પૂછવું ન જોઇએ કે કયા વ્યવસાયથી અમને ધન અથવા કીર્તિ મળશે. તે જ કાર્યની પસંદગી કરો જેમાં મનુષ્યત્વની પૂરી શક્તિ લાગી જાય અને પોતાને ઊંચે ઉઠાવી શકાય. તમને ન ધનની જરૂરત છે, ન પ્રસિદ્ધિની અને ન કીર્તિની. તમને કેવળ શક્તિ જોઇએ છે. હૃદયમાં ઉતારી લેજો કે મનુષ્યત્વ ધન અને કીર્તિથી મોટું છે. પ્રત્યેક ઇન્દ્રિયને શિક્ષા આપો, નહિ તો તમારા કામ અપૂર્ણ રહેશે. હાથને સુંદર પરિશ્રમી અને મજબુત બનાવો, આંખોને સૂક્ષ્મ અને સાવધાન નિરીક્ષણ કરવાની, હૃદયને કોમળ, સત્ય અને સહાનુભૂતિપૂર્ણ બનાવવાનું, સ્મરણશક્તિને પ્રત્યેક પ્રસંગને ઠીક ઠીક યાદ રાખવાની અને સમજવાની યોગ્યતા પ્રાપ્ત કરવાની શિક્ષા દેવી જોઇએ.

સંસાર નથી ચાહતો કે તમે વકીલ, મંત્રી, ડૉક્ટર, ખેડુત, વૈજ્ઞાનિક તથા વ્યાપારી બનો. તે તો કેવળ ચાહે છે કે તમે જે કામ હાથમાં લો તેના ઉપર પૂર્ણ અધિકાર અને પ્રવીણતા પ્રાપ્ત કરો. યદિ તમે તમારા કાર્યમાં સફળતા પ્રાપ્ત કરશો તો સંસાર તમારી પ્રશંસા કરશે જ, તેમ થતાં તમારા માટે બધા દ્વારો ખુલી જશે. પરંતુ આટલું યાદ રાખજો કે સંસાર જે કામ તમે હાથમાં લીધું તેમાં જો અસફળ રહ્યાં અથવા તો તેમાં અપૂર્ણતા રહી તો તમને બહુજ બુરી દૃષ્ટિથી જોશે.

ફ્રાન્સના મહાન પુરૂષ રૂસ કહે છે કે "જે મનુષ્યે પોતાના કર્તવ્યને સારી રીતે કરવાની શિક્ષા લીધી છે તે મનુષ્યથી સંબંધ રાખતા બધા કાર્યોને સારી રીતે કરી શકશે. સમાજની સાથે સંબધ રાખનારા કાર્યની પહેલા પ્રકૃતિએ તમને માનવજીવનથી સંબંધ રાખનારા કાર્યને માટે બનાવ્યા છે. એજ શિક્ષણ હું મારા શિષ્યને આપીશ. જ્યારે તે શિષ્ય મારી આ વાતને હૃદયમાં ધારણ કરી લેશે, ત્યારે તે ન સિપાહી, પાદરી અને વકીલ બનશે, કિંતુ સૌથી પહેલા તે મારો શિષ્ય મનુષ્ય બનશે.

જે ધ્યેયને લઇને તમે પ્રવૃત્તિ કરી રહ્યા છો. તેમાં જો સંદેહ પડી જાય તો બહુ જ શીઘ્રતાથી તે કાર્યને છોડી દેજો આજકાલ પોતાની ભૂલોને વાક્છટાથી છુપાવી દેવામાં આવે છે. બહુ જ આશ્ચર્ય તો એ છે કે આજનો સફેદ કપડાનો શૈતાન પોતાની ભૂલોને પોતાના પાપોને છુપાવવા વિચિત્ર તર્કબળથી અને સુંદર વાક્પ્રપંચથી ભોળા માનવીની ભોળી ભાવનાને દબાવી દે છે. એક પ્રસિદ્ધ વૈજ્ઞાનિકનું કહેવું છે કે માણસ કંઇક પરિશ્રમ કરે તો તેમાંથી એવા એવા તર્ક કાઢી શકે છે કે જેનાથી બીજા માણસની સુશીલતા અને લજ્જાને પણ છોડાવી શકે છે એટલા માટે જ્યારે બીજાની સામે સંદેહજનક પરંતુ આકર્ષક ભવિષ્ય રાખ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વામાં આવે ત્યારે ખરાબમાં ખરાબ વાત પણ તર્કથી સારામાં સારી બતાવી દેવામાં આવે છે. પરંતુ જે ઉદ્દેશમાં દુરાચારનો લેશ પણ અંશ હશે તો તે ઉદ્દેશ જરૂર વિફળ જશે.

તમે તેને જ પોતાનું સાચું સ્થાન માનો જેના સ્મરણ માત્રથી બધી શક્તિઓ જાગી ઉઠે, જે તમારી પ્રવૃત્તિનો સહર્ષ સ્વીકાર કરે, જેના સ્પર્શથી તમે ઉત્સાહિત થઈ જાઓ.

યદિ તમે દુર્ભાગ્યથી અરૂચિકર કાર્યમાં ફસાઈ ગયા છો તો જેમ બને તેમ તેનાથી છુટકારો મેળવવાની કોશિષ કરો.

જે માણસને આ યુગમાં મિત્ર અથવા સિફારિશ કરવાનું સ્થાન નથી તેવાને શ્રી રસેલ છ વાતમાં સાવધાનીથી રહેવાનું કહે છે.

(૧) પ્રથમ કાર્ય કરો.

(૨) મોઢું બિલકુલ બંધ રાખવું અર્થાત્ બકવાદ ન કરવો.

(૩) દરેક પ્રસંગ જોતા રહેવું.

(૪) વિશ્વાસપાત્ર જેમ બનાય તેમ વર્તવું.

(૫) માલિકને ખાત્રી કરાવી દેવી કે મારા વગર તમારૂં કાર્ય આગળ નહીં ચાલે

(૬) નમ્ર બનીને રહેવું.

આ છ વાતો ઉપર ધ્યાન દેનાર ક્યાંય પણ નિરાશ થતો નથી.

## હસો ! હસો ! સૌને હસાવો !

ચાલો, હસીએ !
હસીએ....જી વ ન ભ ર.
'ઉન્નતપથ'નાં પ્રવાસીઓ ! 'શત્રુંજય'ના
યાત્રાળુઓ !
શાંત, મીઠું, મધુરૂં હસીએ,
નિર્મલા નીર જેવું સ્વચ્છ–સ્ફટીક શું ઉજ્જવલ,
સરળ દિલે 'કલ્યાણકારી' હસીએ !
आनदं परम सुखम् !

*

અનંતકાળના 'ફલક' પર ઉડનારા અય મુસાફરો !
જીવનમંદિરના સાચા 'પૂજારીઓ' !
ચાલો ! આત્માના પૂર 'વૈભવ'થી હસી લઇએ,
જીવનની 'જ્યોતિ'થી હસી લઇએ.
દિલ ભરીભરીને હસીએ–
હસીએ ને બધાંને હસાવીએ !
નૈતિક જીવનનાં પ્રકાશથી જ સર્વત્ર નીતિ
ફેલાવીએ !

*

રડવામાં અનેક જીંદગીઓ વિતાવી છે–
બગડી છે હાં !
હવે હસવાની જ 'તાલીમ' લઇએ !
રડવામાં અનેક કિંમતી 'ખજાનાઓ' ગૂમાવ્યા છે–
હસીને જ એ બધું પુનઃ પ્રાપ્ત કરીએ.

*

બંધુઓ ને બ્હેનો, પુત્રો ને માતાઓ !
હસવાનું 'આહ્વાહન' શું 'વિચીત્ર' લાગે છે કે?
હસવું એ કે 'અકુદરતી' ભાસે છે આપને ?
હસવું એ શું કોઇ 'બલા' છે કે
હસવાથી આટલાં દૂર દૂર....ભાગો છો ?
ભૂલી ગયાં શું....સફલતાનો એ રાજમાર્ગ !
હસવું એ તો આત્માનો 'સ્વભાવ' છે,
રડવું એ જ અંદરના માનવીનો દ્રોહ છે.
સમજ નથી પડતી કે........
જાવું'તું પેલા ગગનભેદી ઊંચા ગિરીશિખરો પર,
પણ રે ! ચડી ગયાં છો 'ગીંહોડા'નાં જ આડા
ટેડા માર્ગે !
પાછા ફરો ! એ વાટ ખોટી છે,
હસીને જ હવે, સાચે પંથે પડવાનું છે.


—બંસી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અધ્યાત્મજ્ઞાન—
# ગંગાના ઓવારેથી....



લે. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી

પરમતારક વિભુ શ્રી વીરપ્રભુની અધ્યાત્મવાણીને આપણા પૂર્વાચાર્યોએ પરંપરાએ વહેવરાવી; આપણા હાથમાં સમર્પી માટે તેમનો જેટલો ઉપકાર માનીએ તેટલો ન્યુન છે. આપણા પૂર્વાચાર્યો તત્ત્વજ્ઞાનને જાણુતા હતા. એટલું જ નહિ પણ જાણીને તે પ્રમાણે ધ્યાન ધરતા હતા અને સ્વકીય ચેતનની શુદ્ધિ કરવા આંતરદૃષ્ટિથી વર્તતા હતા. અને તેઓને અધ્યાત્મજ્ઞાન જાળવતાં ઘણું ખમવું પડયું છે. પૂર્વના બાદશાહી રાજ્યોના સમયમાં, તેમજ અકેળવાયેલ રાજાઓના વખતમાં તેઓને ધર્મનો ઉપદેશ ફેલાવવા માટે પણ ઘણું વેઠવું પડતું હતું; પૂર્વે મનુષ્યો માત્ર સારા જ હતા એવો અભિપ્રાય કોઈનાથી બાંધી શકાય તેમ નથી.

પ્રત્યેક સૈકામાં થતા વિદ્વાનો તત્ત્વજ્ઞાન વા અધ્યાત્મજ્ઞાનનો ગમે તે ભાષામાં ગમે તે ઉપાયોથી ફેલાવો કરે છે. કોઈપણ જાતના વૃક્ષનાં બીજો પોતાના યોગ્ય સંસ્કારિત ભૂમિમાં ઉગી નીકળે છે. તે પ્રમાણે અધ્યાત્મજ્ઞાનના વિચારો સંસ્કારિત અને આધ્યાત્મ જ્ઞાનને યોગ્ય એવા મનુષ્યોના હૃદયમાં પ્રગટી નીકળે છે, અને તે વિચારો પોતાનો ફેલાવો કરવાને પોતે સમર્થ બને છે. ખારી ભૂમિમાં બીજને ઉગવાની અયોગ્યતા છે તેથી ખારી ભૂમિમાં નહિ ઉગનાર બીજો ખારી ભૂમિમાં છતાં પણ ઉગી નીકળતાં નથી, અને તેનો નાશ થાય છે; તે પ્રમાણે અધ્યાત્મજ્ઞાનના વિચારો ઉગી નીકળવાની અર્થાત્ પ્રગટ થવાની જેઓમાં અયોગ્યતા છે તેવા મનુષ્યોના હૃદયમાં અધ્યાત્મજ્ઞાનના વિચારો પ્રગટી શકતા નથી અને તેઓને આપેલો ઉપદેશ પણ નિષ્ફળ જાય છે.

પરસ્પર વિરુદ્ધ વિચારોનું પ્રાકટ્ય પ્રતિપક્ષી વિચારો ગમે તે સૈકામાં ગમે ત્યાં પરસ્પર વિરુદ્ધભાવ દર્શાવે છે. કોઈપણ કાળ એવો ગયો નથી તેમ જનાર નથી કે, જેમાં સમ્યક્ત્વ અને મિથ્યાત્વજ્ઞાન તથા તે બંનેને ધારણ કરનારાઓમાં પરસ્પર વિરુદ્ધતા ન હોય, પુણ્યના વિચારોના પ્રતિપક્ષી પાપના વિચારો, સમાન કાલમાં ગમે ત્યાં વિદ્યમાન હોય છે અધ્યાત્મજ્ઞાનના પ્રતિપક્ષી વિચારો જડવાદીઓના હોય છે નાસ્તિક વિચારો પોતાના બળ વડે આત્મિક વિચારો ઉપર કબજો મેળવવા પ્રયત્ન કરે છે આધ્યાત્મજ્ઞાનીઓના વિચારો ખરેખર જડવાદનો નાશ કરવા પ્રયત્ન કરે છે. અર્થાત્ જેનામાં આત્મજ્ઞાન પ્રગટ છે તેવા મનુષ્યો મિથ્યાત્વના વિચારોનો નાશ કરવાનો ઉપદેશ અને લેખનાદિ દ્વારા પ્રયત્ન કરે છે.

અનેકાન્ત જ્ઞાન શક્તિ ખરેખર એકાન્ત મિથ્યા વિચારનો જગતમાંથી નાશ કરવા પ્રયત્નશીલ બને છે; સારાંશ કે અનેકાન્તધારક જ્ઞાનીઓ એકાન્તવાદના કુવિચારોના નાશ કરવાને પોતાનાથી બનતુ કર્યા વિના રહેતા નથી. જગતમાં અનાદિકાળથી આ પ્રમાણે ચાલ્યા કરે છે અને ચાલશે

અધ્યાત્મજ્ઞાન જ સત્ય હોવાથી તેનો દુનિયામાં સ્થાયીભાવ હોય છે. અધ્યાત્મજ્ઞાન પોતાના બળથી મિથ્યા વિદ્યાને હઠાવવા સમર્થ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થાય છે. અધ્યાત્મજ્ઞાન પોતાના સામર્થ્ય વડે કર્મોના નાશ કરવા માટે સમર્થ બને છે. અધ્યાત્મજ્ઞાનનું માહાત્મ્ય તે જ્ઞાનને જે પામે છે તે જ સમજી શકે છે.

આશા તૃષ્ણાના બીજોનો નાશ કરવો હોય તો અધ્યાત્મજ્ઞાનની સેવના કરવી જોઇએ. અધ્યાત્મજ્ઞાન પામીને અંતરમાં સમજવું જોઇએ કે બાહ્ય વિષયો જુદા છે.

બાહ્યનાં કરવા યોગ્ય કાર્યોના અધિકાર પ્રમાણે કરવા જોઈએ; એમ જો ન કરવામાં આવે તો અધ્યાત્મજ્ઞાનથી પણ ઉપાધિ ટળતી નથી અને દુનિયાના વ્યવહારમાં પણ યુવરાજ ભદ્રકકુમારની જેમ બળ પ્રાપ્ત થતું નથી.

## યુવરાજ શ્રી ભદ્રકકુમારનું દૃષ્ટાંત

એક નગરીમાં સુધન્વા નામનો એક નૃપતિ રાજ્ય કરતો હતો. તેને એક સુમતી નામની પુત્રી હતી અને એક ભદ્રક નામનો પુત્ર હતો. સુધન્વા રાજાને પુત્ર અને પુત્રી ઉપર અત્યંત પ્રીતિ હતી. તેણે ભદ્રક પુત્રને ઉપાધ્યાય પાસે બહોંતેર કળાનો અભ્યાસ કરાવ્યો અને પુત્રીને ચોસઠ કળાનો અભ્યાસ કરાવ્યો. સુમતિ પુત્રી વેદાન્ત જ્ઞાનનો અભ્યાસ કરવા લાગી. એક મહાત્મા તેના બાગમાં ઉતર્યા હતા. તેની પાસે સુમતી દરરોજ બ્રહ્મજ્ઞાનની ચર્ચા કરવા જતી હતી. સુમતીને બ્રહ્મચર્યથી ઘણો આનંદ મળતો હતો. એક દિવસ ભદ્રક રાજપુત્ર પણ સુમતીની છિદ્રાન્વેષણા કરતો તે જ્ઞાનચર્ચા સાંભળવા લાગ્યો. ભદ્રકને પ્રતિદિન ચર્ચામાં રસ પડવા લાગ્યો. ઘણા દિવસે ભદ્રક બ્રહ્મજ્ઞાનમાં પ્રવિણ થયો. તે વ્યવહાર કુશળ ન હોવાથી મહાત્માના આપેલા બ્રહ્મોપદેશની દૃષ્ટિને વ્યવહાર કાર્યમાં પણ આગળ કરવા લાગ્યો, અર્થાત્ વ્યવહાર કાર્યમાં પણ બ્રહ્મજ્ઞાનની વાર્તાઓ કરવા લાગ્યો. એક દિવસ રાજાએ સભા ભરીને તેને યુવરાજની પદવી ઉપર સ્થાપ્યો અને કહ્યું કે, હે રાજ-પુત્ર! તું હવે સર્વ રાજ્યની અને લશ્કરની સંભાળ રાખ. ત્યારે ભદ્રકે ભદ્રકતાને આગળ ધરીને કહ્યું કે, રાજ્ય કે રાજા અથવા સૈન્ય સર્વે અસત્ છે, બ્રહ્મ સત્ય છે અને માયા અસત્ છે. હું પણ નથી અને તું પણ નથી, યુવરાજ નથી ને રાજા પણ નથી, માટે અસત્નો વ્યવહાર કેમ કરવો જોઇએ ?

રાજાએ કહ્યું કે હે પુત્ર! આવી ગાંડી ગાંડી વાતો ન કર, તું હવે યુવરાજ પદવીની શોભાને સારી રીતે વધાર! કે જેથી આગળ ઉપર તું રાજાનો રાજા બનવાને અધિકારી બની શકે.

રાજાના ઉપર્યુક્ત વચનો સાંભળીને યુવરાજ બોલ્યા કે હે રાજન! તમે અસત્ માયાને સત્ માનીને ગાંડી ગાંડી વાતો કરો છો, જે વસ્તુ જ નથી તેને સત્ માનીને મૂર્ખ બનો છો, અર્થાત્ તેથી તમો ભ્રાન્ત થઇ ગયા છો.

ब्रह्म सत्यं जगत्मिथ्या नेह नानास्ति किञ्चन।

આ શ્રુતિનું જ્ઞાન હોત તો તમે અસતનું સંરક્ષણ કરવાનું મને કહેત જ નહિ. આ અવસરહીન અને પ્રસ્તુત વિષય પર અરુચિકર અને ક્રોધ કરનારા તેનાં વચનો સાંભળીને રાજાનાં મનમાં ઘણું લગી આવ્યું. રાજાએ ક્રોધ કરીને સેવકને આજ્ઞા કરી કે, યુવરાજે મારૂં અપમાન કર્યું છે. માટે તેને દરરોજ પાંચ ખાસડાં મારવાં. પિતાના હુકમ પ્રમાણે ભદ્રકને દરરોજ માર ખાવો પડતો હતો. સુમતિ દરરોજ ભદ્રકની આવી અવસ્થા દેખીને શોક કરવા લાગી. એક દિવસ રાજપુત્રી સુમતિ પેલા મહાત્માની પાસે બ્રહ્મજ્ઞાનની ચર્ચા કરતી હતી તેવામાં રાજપુત્ર ભદ્રક પણ મહાત્માની પાસે આવ્યો અને નમસ્કાર કરીને બ્રહ્મચર્ચા કરવા લાગ્યો. બ્રહ્મજ્ઞાનની ચર્ચાથી ભદ્રકને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઘણો આનંદ મળતો હતો, તે અવસરે સુમતિ મનમાં કંઈ વિચાર કરીને મહાત્માને વિનવવા લાગી કે—

હે મહાત્મન્? આપનો શિષ્ય રાજપુત્ર ભદ્રકકુમાર, આપના આપેલા બ્રહ્મજ્ઞાન ઉપરથી દરરોજ પાંચ ખાસડાંનો માર ખાય છે. કૃપા કરીને હવે મારા બન્ધુનું દુઃખ ટાળો. આપ જ્ઞાની છો, આપની કૃપાથી મારા ભાઈનું દુઃખ ટળી જશે એમ આશા રાખું છું અને લોકોમાં જે આપના શિષ્યની હેલના થાય છે, તે આપની જ થાય છે એમ હું માનું છું, માટે કાંઇ ઉપાય કરીને મારા ભાઈને ખાસડાંનો માર પડે છે તે બંધ કરાવો.

રાજપુત્રી સુમતિનાં આવા વચનો શ્રવણ કરીને મહાત્મા બોલ્યા કે હે સુમતિ! તેરા ભ્રાતા પંચ જુત્તેકા મારા ખાતા હૈ સો ન્યાયકી બાત હૈ. જો મનુષ્ય યારોકી બાત ગમારોમેં કરતા હૈ ઉસકુ.... પંચ જુતિકા માર પડના ચાહિયે બ્રહ્મજ્ઞાનકી બાત બ્રહ્મજ્ઞાનકે અધિકારીયોં કે લિયે હૈ. તેરા બન્ધુ બ્રહ્મજ્ઞાનકી બાત વ્યવહાર કાર્યોમેં કરતાં હૈ ઈસ લિયે ઉસકું વ્યવહાર અકુશલતાસે પંચ જુતેકા માર પડતા હૈ. વહ બરાબર ન્યાયકી બાત હૈ.

રાજપુત્રી તુમ લડકી હૈ કિંતુ યારોંકી બાત ગમારોમેં નહિ કરતી હૈ ઈસ લીયે તું બ્રહ્મ જ્ઞાનકા આનંદ પાતી હૈ; ફિર વ્યવહાર દશામેં ભી તિરસ્કાર નહિ પાતી હૈ.

મહાત્માના ઉપરના વચનો રાજપુત્રી સુમતિના હૃદયમાં બરાબર ઉતરી ગયાં અને તેથી તે રાજપુત્ર ભદ્રકને કહેવા લાગી કે....ભાઈ! ....આ બાબતમાં મહાત્માના વચન પ્રમાણે તું વ્યવહાર કુશલ નહિ હોવાથી બ્રહ્મજ્ઞાની હોવા છતાં પાંચ ખાસડાનો માર ખાય છે. જ્ઞાનીઓના અનુભવજ્ઞાનની વાતો અધિકારી જીવો આગળ કરવાની હોય છે. જો તું વ્યવહાર કુશળ હોત તો તારી આવી દશા થાત નહિ, માટે હવે દુનિયાની રીતિ પ્રમાણે અંતરથી ન્યારા રહીને વરતવાની ટેવ પાડ; કે જેથી બ્રહ્મજ્ઞાનની હેલના ન થાય. અનાધિકારીને પ્રાપ્ત થયેલા બ્રહ્મજ્ઞાનથી, બ્રહ્મજ્ઞાનનો લોકો તિરસ્કાર કરે છે અને તેથી બ્રહ્મજ્ઞાનની ગાંડા જેવા દુનિયામાં ગણાય છે.

રાજપુત્ર ભદ્રકના મનમાં પણ આ વાત ઉતરી અને તેણે પોતાની વ્યવહાર અનભિજ્ઞતાનો દોષ જાણી લીધો. રાજપુત્રે મહાત્માને અને પોતાની ભગિનીને કહ્યુ કે હવેથી હું વ્યવહારમાં કુશળ થઈશ. અને બ્રહ્મજ્ઞાનનો તિરસ્કાર કરાવીશ નહિ. બીજા દિવસે રાજપુત્ર ભદ્રક રાજાની સભામાં ગયો અને રાજાને નમસ્કાર કરીને વ્યવહારમાં વ્યવહારકુશળતાથી વર્તીને રાજાની માફી માગી અને પ્રારબ્ધયોગે પ્રાપ્ત થયેલ કાર્યોને બાહ્યની રીતથી કરવા લાગ્યો. તેથી રાજા તેના ઉપર ખુશ થયો અને કહેવા લાગ્યો કે, ભદ્રક યુવરાજનું ગાંડપણ હવે ચાલ્યું ગયું અને તે ડાહ્યો થયો છે. તેને ખાસડાં મારવાનો હુકમ બંધ કરી દીધો અને રાજ્યમાં જાહેર કર્યું કે સર્વ પ્રજાએ યુવરાજની આજ્ઞા પ્રમાણે વર્તવું. યુવરાજ દુનિયાના કાર્યો દુનિયાના વ્યવહાર પ્રમાણે કરવા લાગ્યો તેથી તે સુખી થયો.

યુવરાજ ભદ્રકકુમારના દૃષ્ટાંતથી અધ્યાત્મજ્ઞાનીઓ ઘણો સાર ખેંચી શકે તેમ છે. અધ્યાત્મજ્ઞાનની વાત ગમારોમાં કરવાથી ગમારો અધ્યાત્મજ્ઞાન સમજી શકતા નથી અને ઉલટું તેઓ અધ્યાત્મજ્ઞાનીઓને ખાસડાનો માર મારવા જેવું કરે છે. વ્યવહાર કુશલ અને શુષ્કતા રહિત અધ્યાત્મજ્ઞાનીઓ વ્યવહારમાં વ્યવહાર પ્રમાણે પોતાના અધિકારે વર્તે છે. અને નિશ્ચ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

યથી અધ્યાત્મસ્વરૂપમાં રમણતા કરે છે તેથી દુનિયામાં તેઓ ડાહ્યા ગણાય છે. કેટલાક શુષ્ક અધ્યાત્મીઓ વ્યવહાર કુશલતાના અભાવે જ્ઞાનની વાર્તાઓ ગમારોમાં કરીને અધ્યાત્મજ્ઞાનની હાંસી કરાવે છે.

પૂજ્યપાદ ઉપાધ્યાય ભગવંત શ્રીમદ્ યશોવિજયજીની આ વાણીનો પરમાર્થ હૃદયમાં ધારણ કરીને અધ્યાત્મજ્ઞાનીઓ વર્તે તો અનેક મનુષ્યોને તેઓ અધ્યાત્મજ્ઞાનનો આસ્વાદ ચખાડી શકે.

અધ્યાત્મજ્ઞાનીઓની બુદ્ધિ સૂક્ષ્મ હોવાથી તેઓ આત્મામાં ઊંડા ઉતરી જાય છે. તેથી તેઓને વ્યવહારમાં રસ પડતો નથી એમ બને છે. તો પણ તેઓએ જે જે અવસ્થામાં અધિકારભેદે ઉચિત વ્યવહાર હોય તેને ન છોડવો જોઇએ.

અધ્યાત્મજ્ઞાનીઓએ પણ અધ્યાત્મજ્ઞાન આખી દુનિયામાં પ્રસરે એવો જ્યાં ભાવ હોય ત્યાં સુધી તેઓએ વ્યવહાર માર્ગને અમુક અધિકારપણે અવલંબવો જોઇએ. ખાવાનાં, પીવાનાં, લઘુનીતિ અને વડીનીતિ તથા નિંદ્રા અને આજીવિકાદિ કૃત્યો જ્યાં સુધી કરવા પડે છે ત્યાં સુધી તેઓએ વ્યવહાર ધર્મક્રિયાઓને પણ અમુક દશાપર્યંત કરવી જોઇએ. અધ્યાત્મજ્ઞાન ખરેખર અમૃતરસ સમાન છે. અધ્યાત્મજ્ઞાનરૂપ અમૃતરસનું પાન કરવાથી જન્મ-જરા અને મરણના ફેરા ટળે છે.

સંકલન : મુનિ વાત્સલ્યદીપ

## હસો ! હસો ! સૌને હસાવો !

જોતાં નથી કે આ સકળ સૃષ્ટિ આનંદમય છે!
તાલબદ્ધતાથી સદૈવ ધબકયાં જ કરે છે.
નથી લાગતું આપને કે
સૌંદર્ય ને આનંદના એ તાલ સાથે તાલ રાખી
આ જીંદગી સંપૂર્ણ 'જીવવા' જેવી જ છે?
ભૂલી કાં જાવ છો કે 'મુખ મળ્યું છે તે
સ્મિત માટે !'
શોક કે ક્રોધ વિષાદ કે ભય,
અહંકાર કે વિદ્વેષનાં ભાવોના
'આવિષ્કારણ' કે પ્રસાર માટે નહિં!
નહિં ! નહિં ! સો વાર નહિં ! હજાર વાર નહિં !
....પણ........
ઓષ્ઠના ફલક પર.
સદૈવ રમતું, મીઠાં સ્મિતનું ચિત્ર-
વિવિધ રંગોમાં આલેખાયેલું જોઇએ-
એ કુદરતનો અચૂક 'આદેશ' છે
ને એ કદિય ભૂંસાવું જ ન જોઇએ-
એમાં જ આપણા માનવજીવનની 'કસોટી' છે.
સુંદર સ્મિતઃ મીઠું હાસ્ય છે ઉત્તમ પ્રકારનું
'તત્ત્વજ્ઞાન' એતો વિધીના 'લેખ' માફક જડાયેલું
હોય જીવન સાથે જ.
પુષ્પની પર જેમ સૌરભ રમતી હોય.
મૂખડાં પર સ્મિત 'ફરકયાં' જ કરે એમ
નિશદિન !

*

કોઇ કવિ 'કિસ્મતે' કહ્યું છે તેમ :
"અશ્રુરતન નયનમાં ચમકાવતા ફરો મા,
મુખ પર વિષાદ-વાદળ વીંટાળતા ફરો મા,
અંતર-વ્યથાનાં જંતર સંભળાવતા ફરો મા,
વાટે ને ઘાટે જખ્મો દેખાડતા ફરો મા,
જગની ખુશીની કળીઓ ચીમળાવતા ફરો મા."

* —બંસી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દેના બેંકની
# બચત યોજનાઓ દ્વારા
## આપની ભાવિ જરૂરતો પૂરી કરો




### કૅશ સર્ટિફિકેટ

આપનું મૂડી રોકાણ ૧૦ વર્ષમાં લગભગ ત્રણગણું અને ૨૦ વર્ષમાં સાતગણાથી વિશેષ થઇ રહે છે.




### ફિક્સ્ડ ડિપોઝિટ્સ

આપ જેટલી મુદત નક્કી કરો તેના પર આધારિત આપના રોકાણની રકમ પર ૧૦% સુધી વ્યાજ મળે છે.



### સમૃદ્ધિ ડિપોઝિટ યોજના

આપની બચત પર વ્યાજનું વ્યાજ મેળવીને સલામતી સાધી શકો છો.




### રિકરિંગ ડિપોઝિટ યોજના

આપની નાની માસિક બચતમાંથી મોટી મૂડીનું નિર્માણ થાય છે.

વિગતો માટે આપની નજીકની **દેના** બેંક શાખાનો સંપર્ક સાધો.

## દેના બેંક

(ગવર્નમેંટ ઑફ ઈંડિયા અંડરટેકિંગ)
હેડ ઑફિસ: હોર્નિમેન સર્કલ, મુંબઈ ૪૦૦૦૨૩

RATAN BATRA/DB/G/295

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શાપરીઆ

: બનાવનારા :

* બાર્જીસ
* લાઈફ બોટસ
* ટગ્ઝ
* ડ્રેજર્સ
* પોન્ટુન્સ
* મુરીંગ બોયઝ
* બોયન્ટ એપરેટસ

વિગેરે ..................

શીપ બીલ્ડર્સ અને એન્જીનીયર્સ

: બનાવનારા :

* રોલીંગ શટર્સ
* ફાયરપ્રુફ ડોર્સ
* રોડ રોલર્સ
* વ્હીલ બેરોઝ
* રેફ્યુઝ હેન્ડ કાર્ટસ
* પેલ ફેન્સીંગ
* સ્ટીલ ટેન્કસ

વિગેરે ....................

## શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું. પ્રાઈવેટ લીમીટેડ

ચેરમેન : શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ

મેનેજીંગ ડીરેક્ટર : શ્રી અમૃતલાલ ભાણજીભાઈ શાપરીઆ

રજીસ્ટર્ડ ઓફિસ અને શીપયાર્ડ
શીવરી ફોર્ટ રોડ,
મુંબઈ–૧૫ (ડી. ડી.)
ફોન : ૪૪૮૩૬૧, ૪૪૮૩૬૨, ૪૪૩૧૩૩
ગ્રામ: 'શાપરીઆ' શીવરી–મુંબઈ

એન્જીનીયરીંગ વર્કસ અને ઓફિસ
પરેલ રોડ, ક્રોસ લેન,
મુંબઈ–૧૨ (ડી. ડી.)
ફોન : ૩૯૫૦૬૭, ૩૭૪૮૯૩
ગ્રામ : 'શાપરીઆ' પરેલ–મુંબઈ




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સમાચાર સંચય

### શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ-મુંબઇ

# ૬૯મી ધાર્મિક પરીક્ષાઓનું પરિણામ

અખિલ ભારતીય જૈન સમાજની ધાર્મિક શિક્ષણ સંસ્થા શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ ૬૯ વર્ષથી ભારતભરમાં જૈન ધાર્મિક શિક્ષણના પ્રચારનું કાર્ય કરે છે. ભારતના ૪૮ સેન્ટરોમાં તા ૧૬મી જાન્યુઆરી ૧૯૭૭ના ૬૯મી ધાર્મિક પરીક્ષા લેવાઈ હતી આ પરીક્ષામાં જુદા જુદા ધોરણોમાં કુલ ૨,૩૫૨ વિદ્યાર્થી ભાઈ-બહેનો અને સાધ્વીજીઓ બેઠા હતા. તેમાંથી ૨,૦૬૫ પરીક્ષાર્થીઓ ઉત્તીર્ણ થતાં ૮૭ ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. પુરૂષ અને સ્ત્રી વિભાગમાં પ્રત્યેક ધોરણમાં પ્રથમ પાંચ ઇનામો ઉપરાંત પ્રોત્સાહક ઈનામો કુલ રૂા. ૩,૫૦૮ ફાળવવામાં આવ્યા છે સર્વ પ્રથમ નંબરે ઉત્તીર્ણ થનારના ઉલ્લેખનીય નામો આ પ્રમાણે છે :

| ધોરણ | નામ | ગામ | ગુણ | ઈનામ |
|---|---|---|---|---|
| સંસ્કૃત વિશારદ | જ્યોત્સના સી. શાહ | ખંભાત | ૧૬૯-૨૦૦ | ૧૦૧ |
| તત્ત્વજ્ઞાન વિશારદ | પૂ. સાધ્વીજી આદિત્ય યશાશ્રીજી | ખંભાત | ૯૬-૨૦૦ | — |
| પ્રાકૃત વિશારદ | ભારતી કેશવલાલ | ખંભાત | ૧૧૨-૨૦૦ | ૧૦૧ |
| કર્મ વિશારદ | સુરજમલ સેસમલજી જૈન | કલ્યાણ | ૧૬૫-૨૦૦ | ૧૦૧ |
| વિનિત | અરૂણા રમણલાલ શાહ | પુના | ૮૫-૧૦૦ | ૫૧ |
| ધોરણ છઠ્ઠું | કામિની રસીકલાલ શાહ | અમદાવાદ | ૮૬-૧૦૦ | ૫૬ |
| ધોરણ પાંચમું | દમયંતી હીરાલાલ શાહ | પાલીતાણા | ૯૩-૧૦૦ | ૫૨ |
| ધોરણ ચોથું | અરૂણા કપુરચંદ ઝવેરી | પાલીતાણા | ૮૦-૧૦૦ | ૪૬ |
| ધોરણ ત્રીજું | મંજુલા હરખચંદ શાહ | મુંબઈ | ૯૩-૧૦૦ | ૪૨ |
| ધોરણ બીજું | જયવંતી સાંકળચંદ | પુના | ૮૫-૧૦૦ | ૩૬ |
| ધોરણ પહેલું | મદનલાલ તારાચંદજી | ઉમ્મેદપુર | ૯૫-૧૦૦ | ૩૨ |

શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ
૨૦, ગોડીજી બિલ્ડીંગ,
વિજયવલ્લભ ચોક,
મુંબઈ નં. ૪૦૦ ૦૦૨ ફોન : ૩૩૩૨૭૩
તા. ૨૧-૬-૧૯૭૭

લિ. ભવદીય,
શાંતિલાલ એમ. શાહ
મંત્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## આપના ધંધાની પ્રગતિ અને વિકાસ માટે

# 'આત્માનંદ પ્રકાશ'માં જાહેરાત આપો.

છેલ્લા બોત્તેર વર્ષથી 'આત્માનંદ પ્રકાશ' જૈન સમાજની અવિરતપણે સેવા કરી રહ્યું છે.

*

મુંબઈ, કલકત્તા, બેંગ્લોર વગેરે મોટા ધંધા અને ઉદ્યોગના ધામો સુધી આ માસિકના ગ્રાહકો છે.

*

ધર્મ, તત્ત્વજ્ઞાન અને ચારિત્ર ઘડતર માટેની સુંદર કથાઓ વાચકોને પીરસવામાં આવે છે.

*

વધુ વિગત માટે લખો :
**શ્રી જૈન આત્માનંદ સભા**
ખારગેટ, ભાવનગર

*

વાર્ષિક ૩૦ ફર્માનું વાંચન વાર્ષિક માત્ર છ રૂપિયાના લવાજમમાં તમારે ઘરે પહોંચતું કરવામાં આવે છે.

*

### * જાહેર ખબરના દર *

| | એક વખતના<br>રૂ. | વાર્ષિક (દશ અંકોમાં)<br>રૂ. |
|---|---|---|
| ટાઈટલ પેજ (છેલ્લું) ચોથું. (આખું પાનું) | ૧૦૦) | ૮૦૦) |
| ટાઈટલ પેજ નં. ૨ અથવા નં. ૩ આખું પાનું | ૭૫) | ૬૦૦) |
| અંદરનું આખું પાનું | ૫૦) | ૪૦૦) |
| અંદરનું અર્ધું પાનું | ૩૦) | ૨૨૫) |
| અંદરનું પા પાનું | ૨૦) | ૧૫૦) |

સૌ શુભેચ્છકોને સહકાર આપવા વિનંતિ.

—મંત્રીઓ


તંત્રી : શ્રી ગુલાબચંદ લલુભાઈ શાહ, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : શ્રી ગિરધરલાલ ફૂલચંદ શાહ, સાધના મુદ્રણાલય : દાણાપીઠ–ભાવનગર

For Private And Personal Use Only